અપીલ અરજી નં.૨૩૯ તા.૮–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલિપસિંહ જી. ઝાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલિપસિંહ જી. ઝાલાની તા.૪–૯–૦૯ ની અરજીથી શ્રી રાજેન્દ્ર જે. ચપટવાલા કર્મ.નં.૧૦૮૧૪ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી કયા કયા ખાતામાં કયા કયા હુકમથી કેટલા સમય સુધી ફરજ બજાવવી છે તેમજ શ્રી જનકકુમાર કે. જોષી કર્મ નં.૧૩૩૬૩ સુરત મહાનગરપાલિકામાં જોડાયા ત્યારથી કયા કયા હોદ્દા ઉપર કયા કયા હુકમથી કયા કયા વિભાગમાં કેટલા સમય માટે ફરજ બજાવેલ છે તેમજ શ્રી કમલેશ એન. ગાંધી કર્મ. નં.૧૧૫૮૬ ને તા.૧૦–૬–૦૬ થી તા.૧૭–૬–૦૬ સુધી તે સમયના મ્યુ.કમિશ્નરશ્રી પંકજભાઈ જોષી સાહેબે કર્મચારીને તેમની ગુમાસ્તાધારાની જગ્યાએ ફરજ બજાવતો હુકમ કર્યો હતો તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૮–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૯/૨૦૦૯–૧૦

શ્રી દિલિપસિંહ જી. ઝાલાની તા.૪–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે શ્રી કમલેશ એન. ગાંધી ની ઓર્ડર નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી થયેલ હુકમની વિગત છુપાવવામાં આવેલ હોય તેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૪ તા.૯–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તથા અરજદારને તા.૪–૯–૦૯ ની અરજીની માહિતી સામે નારાજગી છે કે અપીલના નિકાલ સામે જે અંગે સ્પષ્ટતા કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૨૫૦૬ તા.૧૨–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નં.જીએડી/ઈએસટી/૫૧૫૩ તા.૨૩–૧૨–૧૯૮૫ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૬૩૬ તા.૨૦–૯–૯૯ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૮૧૬ તા.૧૧–૬–૨૦૦૨ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૧૯૯૦ ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૦૮ તા.૭–૫–૨૦૦૧ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૩૨૯૧ તા.૬–૧૧–૨૦૦૬ ના ઓર્ડરની નકલ, જનકુકમાર કે. જોષીના સર્વીસબુક રેકર્ડના પ્રથમ ૩ પાનાની નકલ, શ્રી કમલેશ એન. ગાંધીની સર્વીસબુક રેકર્ડના પ્રથમ પાનાની નકલ, તથા અરજદારને નં.જીએડી/ઈએસટી/૧૭૯૫ તા.૪–૧૦–૯૯ ની ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૯૮૨ તા.૨૮–૬–૨૦૦૪ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૨૦૦૬ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૯૯૩ તા.૨૧–૮–૨૦૦૮ ના ઓર્ડરની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૨૦૦૯ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, અરજદારનો તા.૧૦–૧૧–૦૯ ના પત્રની નકલ, તથા તા.૧૩–૧૧–૦૯ નો ઓર્ડર નં.૯૩૭ તા.૧૨–૬–૦૬ ની માહિતી બાબતે સ્પષ્ટતા કરતો રીપોર્ટ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદારને અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૪ તા.૯–૧૧–૦૯ થી નારાજગી અંગે પાઠવેલ પત્રની કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૪–૯–૦૯ ની અરજીથી શ્રી રાજેન્દ્ર જે. ચપટવાલા કર્મ.નં.૧૦૮૧૪ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી કયા કયા ખાતામાં કયા કયા હુકમથી કેટલા સમય સુધી ફરજ બજાવી છે તેમજ શ્રી જનકકુમાર કે. જોષી કર્મ નં.૧૩૩૬૩ સુરત મહાનગરપાલિકામાં જોડાયા ત્યારથી કયા કયા હોદ્દા ઉપર કયા કયા હુકમથી કયા કયા વિભાગમાં કેટલા સમય માટે ફરજ બજાવેલ છે તેમજ શ્રી કમલેશ એન. ગાંધી કર્મ. નં.૧૧૫૮૬ ને તા.૧૦–૬–૦૬ થી તા.૧૭–૬–૦૬ સુધી તે સમયના મ્યુ.કમિશ્નર શ્રી પંકજભાઈ જોષી સાહેબે કર્મચારીને તેમની ગુમાસ્તાધારાની જગ્યાએ ફરજ બજાવતો હુકમ કર્યો હતો તેની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી" નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૦૯ થી આપેલ માહિતી અનુસાર રાજેન્દ્ર જે. ચપટવાલા હુકમ નં. નં.જીએડી/ઈએસટી/૫૧૫૩ તા.૨૧/૨૩–૧૨–૮૫ મુજબ તા.૨૪–૧૨–૮૫ ના રોજ મહેકમ વિભાગમાં ત્રીજી શ્રેણીના કલાર્ક તરીકે જોડાયા હતાં. તા.૨૪–૧૨–૮૫ થી તા.૨૧–૯–૯૯ ૧૩ વર્ષ અને ૯ માસ સુધી મહેકમ વિભાગમાં, નં.જીએડી/ઈએસટી/૧૬૩૬ તા.૨૦–૯–૦૯ મુજબ બદલી, તા.૨૨–૯–૯૯ થી તા.૧૬–૬–૦૨ સુધી ૨ વર્ષ અને ૯ માસ સુધી જકાત વિભાગમાં, અને હુકમ નં.જીએડી/ઈએસટી/૮૧૬ તા.૧૧–૬–૦૨ થી સીનીયર કલાર્ક તરીકે પ્રમોશન મળતાં તા.૧૭–૬–૦૨ થી હાઈડ્રોલીક વિભાગમાં ફરજ બજાવે છે.

શ્રી જનક કે. જોષી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૭૨૭ તા.૩–૧–૯૦ મુજબ આરોગ્ય વિભાગમાં મુકાદમ તરીકે તા.૪–૧–૯૦ થી તા.૮–૧૧–૦૬ ૧૪ વર્ષ અને ૧૦ માસ સુધી આરોગ્ય વિભાગમાં, હુકમ નં.જીએડી/ઈએસટી/ ૪૦૮ તા.૭–૫–૦૧ મુજબ ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે તા.૭–૫–૦૧ થી તા.૮–૧૧–૦૬ ૬ વર્ષ અને ૬ માસ સુધી હિસાબીશાખામાં અને હુકમ નં.જીએડી/ઈએસટી/૩૨૯૧ તા.૬–૧૧–૦૬ થી બદલી થતાં તા.૯–૧૧–૦૬ થી સા.વે.ઝોનમાં ફરજ બજાવે છે.

કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી ગુમાસ્તાધારા વિભાગના કલાર્ક કમ–ટાઈપીસ્ટ કમલેશ એન. ગાંધી જેઓ ડે.કમિશ્નર(પઅનેઈ) કચેરીમાં ફરજ બજાવતાં હતા. તેમને મુળ જગ્યા ફરજ બજાવવાનો હુકમ થતાં તેઓ તા.૧૩–૬–૦૬ થી ગુમાસ્તાધારા વિભાગમાં ફરજમાં હાજર થયા હતા." તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તેમની તા.૮–૧૦–૦૯ ની અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ તથા નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૦૯ થી આપેલ માહિતી પત્રમાં શ્રી કમલેશ એન. ગાંધીની નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી થયેલા હુકમની વિગત છુપાવવામાં આવેલે જેનાથી નારાજ થઈ અપીલ કરેલછે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૫૦૬ તા.૧૨–૧૧–૦૯ની આપેલ પૂરક વિગતમાં તા.૩૦–૬–૦૯ ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ થી આપેલ માહિતી પત્રમાં હુકમ નં.જીએડી/ઈએસટી/૯૮૨ તા.૨૮–૬–૦૪ થી ગુમાસ્તા વિભાગમાં બદલી થયેલ છે. તથા હુકમ નં.જીએડી/ઈએસટી/૧૯૯૩ તા.૨૧–૮–૦૮ થી સીનીયર કલાર્ક તરીકે ગુમાસ્તાધારા વિભાગમાં પોસ્ટીંગ આપેલ છે તથા તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૨૬ તા.૧૫–૯–૦૯ થી આપેલ માહિતી પત્રમાં પણ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી ગુમાસ્તા વિભાગમાં કલાર્ક કમ–ટાઈપીસ્ટ શ્રી કમલેશ એન. ગાંધી જેઓ ડે.કમિશ્નર(પઅનેઈ) ની કચેરીમાં ફરજ બજાવતા હતાં. તેમને મુળ જગ્યાએ ફરજ બજાવવાનો હુકમ થતા તેઓ તા.૧૩–૬–૦૬ થી ગુમાસ્તાધારા વિભાગમાં ફરજમાં હાજર થયા હતાં. તેવી માહિતી આપવામાં આવેલ હોય માહિતી છુપાવવાનો કોઈ પ્રશ્ન થતો નથી તેવું જણાવેલ છે. વધુમાં તેઓના તા.૧૩–૧૧–૦૯ ના રીપોર્ટમાં પણ હુકમ નં.૯૩૭ તા.૧૨–૬–૦૬ એ બદલીનો હુકમ નથી પરંતુ આંતરિક વ્યવસ્થાનો હુકમ હોવાથી તેની માહિતી આપવામાં આવેલ નથી.
જયારે અરજદારે તા.૪–૯–૦૯ ની અન્ય અરજીથી શ્રી કમલેશ એન. ગાંધીને તા.૧૦–૬–૦૬ થી તા.૧૭–૬–૦૬ સુધી તેમની ગુમાસ્તાધારાની મુળ જગ્યાએ ફરજ બજાવતાં હુકમની માહિતી માંગેલ હોવાથી તા.૧૫–૯–૦૯ ના પત્ર નં.૧૮૨૬ થી માહિતી પૂરી પાડેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.જીએડી/ઈએસટી/૮૭૨ તા.૩૦–૬–૦૯ ના રોજ આપેલ માહિતીમાં તા.૧૫–૯–૦૯ થી શ્રી કમલેશ એન. ગાંધીની નં.જીએડી/ઈએસટી/૯૩૭ તા.૧૨–૬–૦૬ થી હુકમ બાબતેની માહિતી નહીં પૂરી પાડયાની કરેલ અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ તથા પૂરક વિગતોથી સ્પષ્ટતા કરેલ હોઈ આ અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી.મધ્યસ્થ મહેકમ .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલિપસિંહ જી. ઝાલા